# થર્ડ વેવની દસ્તક : ત્રણ દિવસમાં ૪૬ કેસ નોંધાયા

**તંત્ર પરિસ્થિતિને લઈ ચિંતીત : બાળકો અને મહિલાઓ વધુ સંક્રમિત થતાં તંત્રની ચિંતા ઘેરી બની છે : પરિસ્થિતિને પહોંચવા માટે આક્રમક રણનીતિનો અમલ શરૂ કરાયો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર - જિલ્લામાં કોરોનાની ત્રીજી વેવે દસ્તક દીધી છે. છેલ્લા ત્રણ દિવસમાં ૪૬ કેસ કોરોનાના નોંધાયા છે. કોરોનાના કેસોએ પકડેલી ગતિને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેર જિલ્લામાં થઈ હાલ ૭૭ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. શહેર - જિલ્લામાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને પગલે માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન પ્રથા અમલમાં મુકી દેવામાં આવી છે.

શહેર - જિલ્લામાં નોંધાયેલા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની યાદી તૈયાર કરી અને જરૂર પડ્યે તેમના નમૂનાઓ લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવી રહ્યા છે. તંત્રએ ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારી દીધું છે.

શહેર - જિલ્લામાં હવે માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન, ક્વોરોન્ટાઈન તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટેની કડક સૂચનાઓની સાથે સાથે સઘન સર્વેલન્સની પણ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ધન્વન્તરી રથોના ભ્રમણ માટેનું આયોજન પણ આખરી કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

શહેર - જિલ્લામાં હૉસ્પિટલાઈઝેશન દર ઓછો જરૂર છે પણ આજે બાળકો અને મહિલાઓ સંક્રમિત થવાની બાબતોને લઈ તંત્રની ચિંતા વધી છે.

બીજી તરફ ૧૫ થી ૧૮ વર્ષના બાળકોનું વેક્સિનેશન અભિયાન સોમવારથી શરૂ થઈ રહ્યું હોવાથી તંત્રએ તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

શહેર - જિલ્લામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેની સામે તંત્રએ પરિસ્થિતિને પહોંચી વળવા માટેની તૈયારીઓની ચકાસણી પુરી કરી અને સજ્જ બની ગયું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જોકે ત્રીજા વેવનો આરંભ થઈ ચૂક્યો છે કે કેમ તે વાત કોઈ સ્વીકારવા કે સહમતિ આપવા તૈયાર નથી પરંતુ પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં લેવામાં આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

## શહેરમાં ૪ બાળકો સહિત ૧૪ નવા કેસ

**ત્રણ દિવસમાં શહેરમાં ૩૫ કેસ નોંધાતા તંત્રની દોડધામ વધી : રાયસણમાં-૪, કુડાસણ-૨, સુઘડ-૨, સરાગસણ-૨, સે.૪, સે.૭, પેથાપુર, રાંદેસણમાં ૧-૧ કેસ નોંધાયા : ૭ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૫ થવા જાય છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ થી ૮ વર્ષના ૪ માસુમ બાળકોનો પણ સમાવેશ થાય છે. બાળકોના કેસો નોંધાતા તંત્રમાં ચિંતા વધી જવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં રાયસણમાં-૪, કુડાસણમાં-૨, સુઘડમાં-૨, સરગાસણમાં-૨, રાંદેસણ, સે.૪, સે.૭ અને પેથાપુરમાં એક-એક નોંધાયો છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં જ ૩૫ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ આજે નોંધાયેલા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની યાદી તૈયાર કરી લીધી છે. બાળકો સિવાયના તમામ દર્દીઓએ વેક્સિનના બે ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

રાંદેસણમાં ૬ વર્ષીય બાળાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે કોવિડ પોઝીટીવના સંપર્કમાં આવતા સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે.

સે.૪માં એક ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન રાજસ્થાનથી પરત આવ્યો હોવાથી તેનો રિપોર્ટ કઢાવતા આજે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણાં આજે બે કેસ નોંધાયા છે. એક ૧૭ વર્ષીય યુવાન તેમજ ૪૫ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. ૧૭ વર્ષનો યુવાન

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્યમાં કોરોનાના નવ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૯ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૭ થઈ છે. છેલ્લાપાંચ દિવસમાં જ ૨૮ કેસ કોરોનાના નોંધાતા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે.

**અડાલજમાં એક જ દિવસમાં ૬ કેસ નોંધાયા : કલોલમાં બે અને દહેગામમાં એક કેસ : કુલ કેસનો આંક ૩૧ પર પહોંચ્યો**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૯ કેસમાં ગાંધીનગરના ૬, દહેગામનો એક અને કલોલના બે કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોનાના કેસોએ ગતિ પકડી છે તેને લઈ તંત્રમાં પણ સન્નાટો થવાઈ જવા પામ્યો છે. તંત્રએ હવે દર્દીઓના સંપર્ક ધરાવતા લોકોના ટ્રેસીંગ માટેની કામગીરી સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં એમાય ખાસ કરીને ગાંધીનગર અને કલોલમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર વધુ ચિંતિત બન્યું છે. ગાંધીનગર તાલુકાના અડાલજમાં આજે એક જ દિવસમાં ૬ કેસ નોંધાયા હોવાથી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા નવ કેસમાં બે વિદ્યાર્થી, ત્રણ મહિલાનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે સતત બીજે દિવસે પણ એક કેસ નોંધાયો છે. દહેગામમાં કેસો મળવાના શરૂ થતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

દહેગામમાં નોધાયેલ ૨૧ વર્ષીય યુવાન ઉદેપુરથી આવ્યો હતો અને રિપોર્ટ કરાવતા તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના અડાવજ ગામ આજે ૬ કેસ નોંધાયા

● અનુસંધાન પાન-૭ પર

## વાયબ્રન્ટની તૈયારીઓની સમીક્ષા કરવા મુખ્ય સચિવ પંકજકુમારે ગાંધીનગરનો રાઉન્ડ લીધો

ગાંધીનગર, તા. ૧

આગામી ૧૦મી જાન્યુઆરીથી મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ અંગેની જાતમાહિતી મેળવવા માટે રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે આજે સાંજે ગાંધીનગર શહેરનો એક વિસ્તૃત રાઉન્ડ લીધો હતો.

મુખ્ય સચિવશ્રીએ આ રાઉન્ડને અંતે મનપાના અધિકારીઓને મુખ્ય માર્ગોની સ્વચ્છતાનું હાલનું જે ધોરણ છે તે જાળવી રાખવા માટે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત હોટલ લીલાના ટર્નીંગ પાસે થોડોક ગ્રીન એરિયા વધારવા માટે પણ જણાવ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી પંકજુમારે આજે સેન્ટ્રલ વિસ્ટાના બન્ને રૂટ, અંડરપાસ, મહાત્મા મંદિર, હોટલ લીલા, ખ રોડ, સરગાસણ ચોકડી થઈ ગિફ્ટ સિટી ત્યાંથી પી.ડી.પી.યુ. થઈ ઈન્દિરાબ્રિજ સુધીના અંદાજે ૪૦ કિ.મી.થી વધુ રૂટની વિગતો મેળવી હતી.

મુખ્ય સચિવશ્રીના આ રાઉન્ડ દરમિયાન ગાંધીનગર મનપાના કમિશનરશ્રી, નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ તેમજ ઈજનેરી શાખાના અધિકારીઓ જોડાય હતા.

મુખ્ય સચિવશ્રીએ ૭મી જાન્યુઆરી પહેલા તમામ કામો પૂર્ણ કરવા માટેની સૂચના આપી છે તેમજ પેવર બ્લોક અને થર્મોપ્લાસ્ટના પટ્ટા અને

● અનુસંધાન પાન-૭ પર

## અધિક મુખ્ય સચિવે હૉસ્પિટલનો રાઉન્ડ લીધો

**સ્વચ્છતા અંગે નારાજગી સાથે ટકોર કરી તો પી.એમ.જે.વાય.ના અમલીકરણ માટે તંત્રને ટપાર્યું**




ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલની આજે રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે ઓચિંતી મુલાકાત લીધી હતી.

રાજ્યના મુખ્યમંત્રીશ્રીની ઓચિંતી મુલાકાત પછી આજે સિવિલ હૉસ્પિટલની મુલાકાતે આવેલા આરોગ્ય વિભાગના એસીએસ અગ્રવાલે સફાઈની કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી અને મીઠો ઠપકો આપ્યો હતો.

તેમણે આજે પી.એમ.જે.વાય.ની કામગીરીનો લાભ વધુને વધુ લોકો લે તે માટે તંત્રને તેની સક્રિયતા વધારવા માટે ટપાર્યું હતું.

અધિક મુખ્ય સચિવશ્રીએ આજે સિવિલ હૉસ્પિટલમાં જે મરામતની કામગીરી ચાલી રહી છે તેને લઈ પણ સમીક્ષા કરી હતી તેમજ તે ઝડપથી પૂર્ણ થાય તે જોવા જણાવ્યું હતું.

મુખ્ય સચિવશ્રીએ વેક્સિનેશન સેન્ટરની પણ મુલાકાત લીધી હતી તેમજ કોવિડની થર્ડ વેવ માટેની તૈયારીઓ અંગે પણ સમીક્ષા કરી હતી. આ રાઉન્ડમાં તેમની સાથે સિવિલના સુપ્રિટેન્ડેન્ટ ઉપરાંત સિનિયર તબીબો જોડાયા હતા.

અગાઉ સોમવારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ અચાનક મુલાકાત લીધી હતી. અને આજે રાજ્યના આરોગ્ય સચિવે મુલાકાત લેતા સંકેત મલે છે કે, સરકારે સીવીલ હોસ્પિટલ પર ગંભીરતાથી ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

## વન આરક્ષિત વિસ્તારમાં જમીન દોસ્ત થયેલા વૃક્ષો દુર કરી સફાઈ હાથ ધરાઈ

**વરસાદી દિવસોના અંતે લાંબા સમય બાદ સફાઇ કામ શરૂ : વાઇબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગોની સાથે આસપાસ સ્થિત વન વિભાગની જગ્યામાં પણ વૃક્ષોને રોશનીથી સુશોભિત કરવામાં આવશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવોની અવરજવરને અનુલક્ષી હાલ માર્ગ સુધારણાની



સાથે સુશોભનની કામગીરી મુખ્ય બની છે. મુખ્યમાર્ગોની સુધારણા સાથે આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની પણ લાંબા સમયના અંતે સફાઈ હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસોના અંતે જમીનદોસ્ત થયેલા વૃક્ષોને પણ દુર કરવામાં આવી રહ્યા છે. આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મુખ્યમાર્ગોની સાથે આસપાસના વન વિસ્તારમાં પણ વૃક્ષોને રોશનીથી સુશોભિત કરવામાં આવશે જેને અનુલક્ષી હાલ આ ઠેકાણે જરૂરી સફાઈ કામ હાથ ધરાયુ છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ઠેર ઠેર નતનવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં માર્ગોની સુધારણા ઉપરાંત ફુટપાથનુ રીપેરીંગ તેમજ સેન્ટ્રલ વર્જની સફાઈ અને રંગરોગાનના કામો મુખ્ય છે. આ ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ ઉપરાંત માર્ગાની આસપાસ ફુટપાથની કર્બિંગને કલર કરીને પણ રોડ નેટવર્કને વધુ નયનરમ્ય બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ લાંબા સમયથી સફાઈ કરવામાં આવી ન હતી જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયા હતા. જયારે વરસાદી દિવસોમાં ધરાશાયી થયેલા વૃક્ષો પણ યથાવત પડયા રહ્યા હતા નગરના વન આરક્ષિત વિસ્તારમાં આમ પણ તુટેલી ફેન્સીંગના લીધે રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. જયારે ઠેર ઠેર ગાબડા પડતા દબાણકર્તાઓની સંખ્યા પણ વધી છે. જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં ગંદકી સાથે દબાણો પણ વધ્યા છે. આ સ્થિતિ વચ્ચે મેન પાવરના અભાવે લાંબા સમયથી આ વિસ્તારમાં સફાઈ પણ કરવામાં આવી ન હતી જેના લીધે અન્ય હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો મંડારાયો છે. જો કે હવે વાઈબ્રન્ટ સમિટની તૈયારીના ભાગરૂપે માર્ગોને ચકાચક બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત હરિયાળા વૃક્ષોમાં પણ લાઈટીંગ કરવામાં આવે છે. જેના લીધે હાલ વન આરક્ષિત વિસ્તારમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ઠંડીનુ જોર ઘટયુ લઘુત્તમ તાપમાન ૧૪.૩ ડીગ્રી

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી કાતિલ ઠંડીના આક્રમણથી જનજીવન સુન્ન પડી ગયુ હતુ છેલ્લા ૧૦ દિવસથી આકરા કોલ્ડવેવની અસરથી શહેરમાં સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જતો હતો ઠંડીનો પારો ૬.૫ સુધી નીચે ઉતરી જતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા બીજીતરફ લઘુત્તમ તાપમાન સતત સિંગ્લ ડીઝીટમાં રહેતા ઠંડી વધુ આકરી બની હતી. વાતાવરણ પલ્ટાની સાથે બર્ફિલા પવનની અસરથી ઠંડીનુ જોર બેવડાયુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૩ થી ૧૪ ડીગ્રીની આસપાસ આવી જતા નગરજનો હવે આકરી ઠંડીમાં રાહત અનુભવી રહ્યા છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે નગરજનોએ ઠંડીમાં હાંશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા ૧૦ દિવસથી આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. આ દરમિયાન ઠંડીનો પારો ૬.૫ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. જયારે સતત ચાર દિવસ સુધી લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં રહેતા શહેરીજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા જયારે છેલ્લા બે ચાર દિવસથી ઠંડીનુ જોર ઘટવા છતા નગરજનો કોલ્ડવેવનો શિકાર બની રહ્યા છે.અલબત્ત વાતાવરણમાં સુસવાટા મારતા ઠંડા પવનનુ જોર વધુ રહેવાથી ઠંડી વધુ આકરી બની છે. ગઈકાલે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો અલબત્ત ઠંડી ઘટવા છતા તેજ બર્ફિલા પવનના લીધે કોલ્ડવેવથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીનુ જોર ઘટયુ હતુ. આજે ઠંડીનો પારો ૧૪.૨ ડીગ્રીએ આવી ગયો હતો. જેના લીધે શહેરીજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે પવનનુ જોર પણ ઓછુ હોવાથી નગરજનોએ આકરી ઠંડીમાં પ્રમાણમાં હાંશકારો અનુભવ્યો હતો. નવા વર્ષના પ્રારંભે ઠંડીનુ પ્રમાણ ઘટતા ગરમ કપડામાં લપેટાયેલા નગરજનો થોડા હળવા થયા હતા. જો કે શિયાળો જામ્યો છે.

## સેકટરોમાં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની સાથે રીક્ષા સ્ટેન્ડ માટેની જગ્યા નિયત કરવી અનિવાર્ય

ગાંધીનગર તા ૧

શહેરના સેકટરોમાં હાલ આંતરિક માર્ગો ઉબડ ખાબડ છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે પણ સ્થાનિકો માંગણી કરી રહ્યા છે. જયારે બીજીતરફ સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. સે-૧૩ માં પણ હાલ માર્ગનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરોના એપ્રોચને ફોરટ્રેક કરવાની સાથે શહેરમાં હજુ રીક્ષા સ્ટેન્ડ માટેની જગ્યા નિયત થઈ નથી જેના લીધે સેકટરોના એપ્રોચ પાસે પણ ગમે ત્યારે રીક્ષા સ્ટેન્ડ થયેલી જોવા મળે છે. સેકટરોમાં રીક્ષા સ્ટેન્ડ માટે પણ આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરના સેકટરોમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બને તે માટે હાલ સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ સેકટરોના આંતરિક માર્ગો પણ લાંબા સમયથી ઉબડ ખાબડ હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જો કે હજુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાને અનુલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી નથી નવા સેકટરોમાં પણ માર્ગોનુ કામ હાથ ધરવા માટે અવારનવાર રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ કોઈ

**સે-૧૩ માં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરી શરૂ : સેકટરોમાં અવરજવર વધતા ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ : એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની યોજનાથી માર્ગ સલામતીનુ ચિત્ર સુધરશે**

આયોજન થતુ નથી. બીજીતરફ સેકટરોના રીંગ રોડ અને એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે પણ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે સાંકડા માર્ગોના વાઈડનીંગ કર્યા વિના જ વચાળે ડિવાઈડર ઉભુ કરી દેવાતા પણ સ્થાનિકોમાં પ્રબળ વિરોધ ઉઠવા પામ્યો છે. જેને અનુલક્ષીને હવે માર્ગ વચાળે ડિવાઈડર પુર્વે આસપાસનુ કામ પુર્ણ કરવાની દીશામાં પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં વસતી અને વિકાસ મુજબ હવે એપ્રોચ માર્ગ પરની અવરજવર વધી છે. જેના લીધે એપ્રોચ માર્ગો પર ટ્રાફિકનો ઘસારો રહે છે. એપ્રોચ માર્ગથી સેકટરની અંદર બહાર જતા વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા સેકટરોના એપ્રોચને ફોરટ્રેક બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે હવે સેકટરોમાં વાહનોની અવરજવર વધુ સલામત અને સરળ બનશે. સેકટરોમાં કેટલાક ઠેકાણે એપ્રોચને અડીને જ શોપિંગ સેન્ટર પણ સ્થિત છે જેના લીધે આ વિસ્તારમાં માર્ગો આસપાસ વાહનો પણ પાર્ક

● અનુસંધાન પાન-૭ પર

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION, GUJARAT
(A State Public University establishshed by Government of Gujarat)
IITE is inviting applications for
Chanakya Awards for Teacher Education
Categories:
1. Best Teacher Trainee
2. Best Teacher Educator
3. Best Teacher Education Institute
चाणक्य
Applications are invited from
1 Janary 2022 to 15 March 2022
Kindly refer to the website: www.iite.ac.in
for details and online application.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR.FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com